ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજે જિલ્લાના તમામ ગામોમાં ગ્રામસભાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજે રાષ્ટ્રીય એકતા દિવસે ખાસ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યુ છે.

આજે સવારે યોજાનાર આ ગ્રામસભાઓમાં એકતાના શપથ લીધા ગ્રામજનો કેવડિયા ખાતે યોજાનાર એકતા દિવસ સમારોહની ઉજવણીના સીધા પ્રસારણને નિહાળી જોડાશે.

આ માટે જિલ્લાના ૨૮૯ ગામોમાં સંપૂર્ણ વ્યવસ્થાઓ થઈ ગઈ છે તેમજ આ ગ્રામસભાને લઈ અધિકારીઓને પણ વિશેષ જવાબદારી સોંપતા હુકમો પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

જિલ્લામાં એકતા સપ્તાહની ઉજવણીના અંતિમ દિવસે આ ગ્રામસભાઓ યોજાવાની છે. અગાઉ જિલ્લાના ચારેય તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માનવ સાંકળ રચી અને એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આજે યોજાનાર આ વિશેષ ગ્રામસભા ગ્રામ સ્વચ્છતા અભિયાન તેમજ કુપોષણ મિટાવવા ઉપરાંત એકતાને લઈ ચર્ચાઓ કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની પાંચ બેઠકોના ૫૫ બુથમાં આ વખતે મતદાન વધે તે માટેના પ્રયાસો કરાશે

ગાંધીનગર, તા. ૩૦

૨૦૧૭માં વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન જિલ્લાના પાંચ વિધાનસભા મતક્ષેત્રના ૫૫ મતદાન મથકોમાં સરેરાશ કરતાં ઓછુ મતદાન નોંધાયુ હોવાથી તંત્ર આ મતદાન મથકોમાં વધુ મતદાન થાય તે માટે અલગથી રણનીતિ તૈયાર કરી રહેલ છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ ગાંધીનગર આવ્યુ ત્યારે આ વખતે નવા પગલાંઓ લેવાના સંકતો આપતા જે મતદાન મથકોમાં સરેરાશ મતદાન કરતાં ઓછુ મતદાન નોંધાયુ હોય તેવા મતદાન મથકો પર વધારે મતદાન થાય તે માટેના પ્રયાસો તંત્ર દ્વારા કરાશે તેવી વાત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે રાજયના ૧૮૨ વિધાનસભા મતક્ષેત્રોના ૨૦૨૨ જેટલા મતદાન મથકો ઓળખીને અલગ કરી દેવામાં આવ્યા છે.

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની સામાન્ય ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારના મતદાન મથકોમાં ઓછુ મતદાન નોંધાયાની હકીકતો ધ્યાને આવી છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મિશન ૨૦૨૨ના કેમ્પેન અંતર્ગત જિલ્લાઓમાં ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

રાજયના કુલ ૧૮ શહેરી વિસ્તારમાંથી ૪૯ વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ૧૯૫ મતદાન મથકની ઓળખ કરી લેવામાં આવી છે. જે ઓછુ મતદાન ધરાવતા મતદાન મથકો શહેરી વિસ્તારોમાં આવેલા છે ત્યાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા મતદાન અંગેની જાગૃત્તિ લાવવાના પ્રયાસો હાથ ધરાશે.

ચૂંટણી પંચનું તારણ છે કે ૨૦૧૭ની ચૂંટણીમાં ગ્રામ્યવિસ્તારની સાપેક્ષમાં શહેરી વિસ્તારમાં ઓછુ મતદાન થયુ હતુ.

# ગાંધીનગર દક્ષિણ વિધાનસભાની બેઠક માટે ગોવિંદજી વણઝારાની મજબૂત દાવેદારી

## જ્ઞાતિ-સમાજ સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં કાર્યકરોનું સમર્થન

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતાં જ રાજકીય પક્ષો દ્વારા રાજયભરની બેઠકો માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જેમાં પીઢ નેતાઓ, પૂર્વ અને વર્તમાન ધારાસભ્યો ઉપરાંત સ્થાનિક સ્તરે સંગઠનમાં સક્રિય કાર્યકરો મોટી સંખ્યામાં દાવેદારી નોંધાવી રહયા છે. ગુજરાત વણઝારા સમાજના પ્રમુખ અને જાણીતા લોકસેવક ગોવિંદભાઈ કે. વણઝારાએ ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ભાજપમાં પોતાની મજબૂત ઉમેદવારી નોંધાવી છે.



ગુજરાત વણઝારા સમાજના પ્રમુખ તથા સંઘના સ્વયંસેવક તરીકે સતત સક્રિય રહીને લોકચાહના મેળવનાર માત્ર ૪૦ વર્ષીય તરવરીયા યુવા નેતા ગોવિંદજી ગાંધીનગરમાં રહી કન્સ્ટ્રકશન વ્યવસાય સંભાળે છે. વિદ્યાર્થીકાળમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદથી સામાજીક ક્ષેત્રે પદાર્પણ કરી ભારતીય જનતા પક્ષમાં અનેકવિધ પદો પર રહીને તેમજ ભારત-તિબેટ સહયોગ મંચ ગુજરાત પ્રાંત યુવા મંત્રી રહેલા ગોવિંદજીએ સ્થાનિક ચૂંટણીઓ ઉપરાંત રામમંદિર માટે અનુદાન અભિયાન, ગામેગામ સ્વાસ્થ્ય શિબિરો, જરૂરિયાતમંદ પરિવારોને સહાય તેમજ અનેકવિધ સેવાકાર્યો કરી સમાજમાં આગવી ઓળખ મેળવી છે. ભાજપના નિરિક્ષકો દ્વારા શુક્રવારે ઉમેદવારી માટે લેવાયેલ સેન્સ પ્રક્રિયા દરમ્યાન ગોવિંદજીએ મહત્વની ગણાતી ગાંધીનગર દક્ષિણની બેઠક પર સમર્થકોની ઉપસ્થિતિ અને તેમના સમર્થનની યાદી સાથે પોતાની મજબૂત દાવેદારી રજૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે દક્ષિણની બેઠક પર ઠાકોર, પટેલ સહિત અન્ય જ્ઞાતિ વર્ગોના સમીકરણો પણ વિજય માટે મહત્વના છે. ત્યારે તેઓએ ગાંધીનગર શહેર વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારના અગ્રણીઓ તેમજ અમદાવાદ, ઉત્તર ગુજરાતથી લઈ રાજયસ્તરના વિવિધ જ્ઞાતિ સમાજના સંગઠનો, સામાજિક સેવા સંસ્થાઓ, રાજકીય ક્ષેત્રના અગ્રણીઓનું બહોળુ સમર્થન મેળવ્યું છે અને પોતાને ચૂંટણી લડવા માટેની તક આપવામાં આવશે તો મોટી લીડ સાથે પક્ષને વિજય અપાવવાનો વિશ્વાસ નિરિક્ષકો સમક્ષ વ્યક્ત કર્યો હતો.

રજૂઆત કરવા આવેલા સમાજના આગેવાનોએ જણાવ્યુ હતુ કે વણઝારા ને સમાજને સતત અન્યાય કરવામાં આવ્યો છે. પંચાયત સહિત કોઈપણ સ્તરે અમારા સમાજને ટિકિટ આપવામાં આવી નથી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં પણ વણઝારા સમાજની મોટી વસ્તી છે. આ આગેવાનોએ જણાવ્યુ હતુ કે ગોવિંદજી એ અમારા સમાજમાં જાગૃત્તિ સાથે વિકાસના અને સેવાના મહત્વના પગલાંઓ ભર્યા છે અને તેમને ટિકિટ મળતાં યુવાવર્ગને પણ પ્રતિનિધિત્વ મળશે.

ગોવિંદભાઈએ જણાવ્યુ હતુ કે સૌના સાથ, સહકાર અને પ્રેમ-હૂંફથી મારી ઉમેદવાર તરીકે પસંદગી થશે તો વિજય મળશે એ પણ નિશ્ચિત છે. ★★★


એક બનો નેક બનો દેશ કી ખાતિર
આપને તથા આપના પરિવારને
નૂતન વર્ષાભિનંદન...

મો. ઈસ્માઈલ પઠાણ
અધ્યક્ષ - રાષ્ટ્રીય મુસ્લિમ સેના, ગુજરાત પ્રદેશ
ફર્મ : ઈસ્મતા એન્જિનિયરીંગ વર્ક્સ, ગાંધીનગર ટીપીએસ
● પ્રદેશ આમંત્રિત સભ્ય લઘુમતિ મોરચો, ભાજપ ગુજરાત
● સભ્ય પેથાપુર શહેર શાંતિ સમિતિ

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટ

મુકેશભાઈ ચૌધરી
પ્રમુખ
સર્વેનગરજનોના જીવનમાં વિક્રમ સંવત - ૨૦૭૯ સુખ, શાંતિ, સમૃદ્ધિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ.... દિપાવલીની હાર્દિક શુભકામના તથા
નૂતન વર્ષાભિનંદન

ભરતજી ઠાકોર
મહામંત્રી
અહમદ શેખ - ઉપપ્રમુખ
જીગ્નેશ નકુમ - ઉપપ્રમુખ
આરીફ સૈયદ - સહમંત્રી
ભાવિન કટારીયા - સહમંત્રી
ઈશ્વરભાઈ રાવળ - ઉપપ્રમુખ
શિતલબેન પુવાર - ઉપપ્રમુખ
અમરસિંહ ઠાકોર - સહમંત્રી
દ્રષ્ટિ પટેલ - સહમંત્રી
રીઝ્નેશકુમાર ચૌધરી - ખજાનચી
એકઝીક્યુટીવ મેમ્બર
ભરત સોલંકી
હેતલકુમાર મહિડા
મેહુલકુમાર ઝાલા
ભુપતસિંહ સરવૈયા
ક્રિપાલસિંહ પુરવાર
નટવર પસાયા
સુરેશભાઈ પટેલ
દિવ્યા ઝાલા
મહાવીરસિંહ રાઠોડ
રીતુબેન ચૌધરી

સફળતાના ૫ વર્ષ પૂર્ણ... સૌ નગરજનોનો આભાર
નૂતન વર્ષાભિનંદન...
જલારામ હોસ્પિટલ
ઓર્થોપેડિક એન્ડ જોઈન્ટ રિપ્લેશમેન્ટ સેન્ટર એન્ડ I.C.U.
ડૉ. હાર્દિકસિંહ વાઘેલા
એમ.એસ.ઓર્થો સર્જન (વી.એસ.હોસ્પિટલ)
પૂર્વ આસિસ્ટન્ટ પ્રોફેસર (શારદાબેન હોસ્પિટલ)
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન (શનશાઈન હોસ્પિટલ) હૈદરાબાદ
મો. ૯૫૫૮૫ ૧૫૯૪૦


જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ ફ્રેક્ચરના ઓપરેશન
હોસ્પિટલમાં આપવામાં આવતા માર્ગદર્શન
૧. વા ના પ્રકાર (સાંધાના વા અંગે આપવામાં આવતા માર્ગદર્શન)
૨. દવાઓ તથા કસરતની સમજ
૩. સાંધાના ઘસારા માટે (જોઈન્ટ રીપ્લેસમેન્ટ) ની માહિતી

ઉપલબ્ધ સુવિધાઓ
■ દરેક પ્રકારના ફ્રેક્ચરની આઇ.આઇ.ટી.વી. દ્વારા નાના ચીરામાંથી ફ્રેક્ચરને ખોલ્યા વગર થતી આધુનિક સારવાર
■ અકસ્માત તથા ફ્રેક્ચરમાં ઈમરજન્સી સારવાર મળશે.
■ ઘુંટણની ગાદી તથા સ્નાયુની દૂરબીન દ્વારા સારવાર (Arthroscopy Operation)
■ ૨૪ કલાક ICU માટે નિષ્ણાંત ડૉક્ટરોની ટીમ, Ventilator ઉપલબ્ધ.
■ ૨૪ કલાક તાત્કાલિક સારવારની સુવિધા
■ ૨૪ કલાક (Digital) X-Ray ની સુવિધા
96018 11611
હોસ્પિટલની અન્ય સુવિધાઓ
● Surgeon ● Plastic Surgery
● Neuro Surgery ● Physiotherapy
ફીઝીશીયન
બી.પી., ડાયાબિટીસ, હૃદયરોગ અને ચેપીરોગના નિષ્ણાંત
૨૪ કલાક અત્યાધુનિક ICU ની સુવિધા
સેક્ટર - ૬, ઘ-૨ પેટ્રોલ પંપ, રોડની સામે, અપના બજાર પાસે, ગાંધીનગર

સર્વેનગરજનોના જીવનમાં વિક્રમ સંવત - ૨૦૭૯ સુખ, શાંતિ, સમૃદ્ધિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

જયસ્વાલ મહેન્દ્રકાકા
સોડાવાળા
ઘ-૨ કોર્નર, સેક્ટર-૨/સી, ગાંધીનગર. ● મો. : ૯૬૩૮૬૯૩૫૮૧
દેવ દિવાળી નિમિત્તે અમારી ઘ-૨ સર્કલ અને વિશાલ સુપર માર્કેટ કુડાસણમાં આવેલી બંને શાખાએ ૫૦૦૦ સોડા ફ્રી આપવામાં આવશે.
જયસ્વાલ મહેન્દ્રકાકા (સોડાવાળા) (વિરમગામ)
જયસ્વાલ પિયુષ મહેન્દ્રકુમાર ● જયસ્વાલ રાજ મહેન્દ્રકુમાર
મયુરકુમાર કાળુભાઈ સોલંકી ● ચિરાગકુમાર ભોગીલાલ જયસ્વાલ
શાખા : ગ-૨ સર્કલ પાસે ● કુડાસણ વિશાલ સુપર માર્કેટ પાસે

દિપાવલીના પર્વ સાથે નવું વર્ષ આપ સૌના જીવનમાં
પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ સહ...
દિપાવલીની હાર્દિક શુભકામનાઓ સાથે
નૂતન વર્ષાભિનંદન
પ્રવિણભાઈ ચૌધરી
પ્રદિપભાઈ ચૌધરી
સુરેશભાઈ ચૌધરી

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com